પુતિન 5 ડિસે. ભારત આવશે

નવી દિલ્હી, તા. 12: રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 5 ડિસેમ્બરે રશિયા-ભારત ફોરમના પૂર્ણ સત્રમાં હાજરી આપવા માટે નવી દિલ્હીની મુલાકાત લેશે. એમ બ્લૂમબર્ગે ઈવેન્ટના આયોજક રોસકોંગ્રેસને ટાંકીને જણાવ્યું હતું. પુતિનની ભારતની યાત્રા એવા સમયે થઈ રહી છે જ્યારે યુક્રેનમાં રશિયાના યુદ્ધને લઈને ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવ છતાં મોસ્કો અને નવી દિલ્હી પોતાના સંબંધોને મજબૂત બનાવી રહ્યા છે. ક્રેમલિનએ અગાઉ પુષ્ટિ કરી હતી કે, આ પ્રવાસ ડિસેમ્બર માટે આયોજન કરવામાં આવ્યો હતો. ઓક્ટોબરમાં રાષ્ટ્રપતિ પુતિન અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફોન પર વાતચીત કરી હતી, જ્યાં બંને નેતાઓએ 'વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારી'ને મજબૂત કરવાની પોતાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. આ વાતચીત દરમિયાન વેપાર, ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રોમાં બંને રાષ્ટ્રો વચ્ચે દ્વિપક્ષીય સહયોગની સાતત્યતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

ભારતે પશ્ચિમ અને મોસ્કો બંને સાથે સંબંધોને સંતુલિત કરીને વ્યૂહાત્મક સ્વાયત્તતાની પોતાની સ્થિતિ જાળવી રાખી છે. પશ્ચિમી દબાણ છતાં ભારતે અગાઉ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન તેલની ખરીદી અટકાવવાના આહ્વાનનો વિરોધ કર્યો હતો. અમેરિકાએ યુક્રેન પરના આક્રમણ બાદ મોસ્કો પર દબાણ વધારવાની જરૂરિયાતનો ઉલ્લેખ કરીને ભારતીય નિકાસ પર 50% ટેરિફ લાદ્યો હતો.

પેજ 3

ધર્મેન્દ્રને હોસ્પિટલમાંથી ઘરે લઈ જવાયા, સારવાર જારી

અમિતાભ જાતે ગાડી હંકારી ધર્મેન્દ્રના ઘરે ગયા

મુંબઈ, તા. ૧૨ (પીટીઆઈ): વરિષ્ઠ અભિનેતા ધર્મેન્દ્રને બુધવારે સવારે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને તેઓ ઘરે જ સારવાર કરશે. એમ તેમના પરિવાર અને ડોક્ટરે તેમના સ્વાસ્થ્ય અંગેની ચાલી રહેલી અટકળો વચ્ચે જણાવ્યું હતું. ૮૯ વર્ષીય અભિનેતાને દક્ષિણ મુંબઈની હોસ્પિટલમાં પરીક્ષણો માટે દાખલ થયાના થોડા દિવસો પછી રજા આપવામાં આવી હતી. પરિવાર અને હોસ્પિટલના અધિકારીઓએ પરીક્ષણો અથવા તેમની સ્થિતિ વિશે કોઈ વિગતો આપી ન હતી. પરિવારે કહ્યું, ''ધર્મેન્દ્રને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે અને તેઓ ઘરે જ સારવાર ચાલુ રાખશે. અમે મીડિયા અને જનતાને વિનંતી કરીએ છીએ કે, તેઓ વધુ કોઈપણ અટકળોથી દૂર રહે અને આ સમય દરમિયાન તેમની અને પરિવારની ગોપનીયતાનો આદર કરે.'' બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમની સારવાર કરતા ડોક્ટર ડો. પ્રતીત સમદાનીના જણાવ્યા અનુસાર, ધર્મેન્દ્રને આજે સવારે 7:30 વાગ્યે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. સમદાનીએ જણાવ્યું હતું કે, ''પરિવારે તેમને ઘરે સારવાર આપવાનો નિર્ણય લીધો હોવાથી તેમની ઘરે સારવાર કરવામાં આવશે.'' શોલે ફિલ્મમાં ધર્મેન્દ્રની સાથે કામ કરનાર અમિતાભ બચ્ચને સાંજે ઘરે જઈને તેમની ખબર પૂછી હતી. અમિતાભ જાતે ગાડી ચલાવી ગયા હતા.

ધર્મેન્દ્રનો આ મોટો ચાહક હાથમાં તસવીર પકડીને રડતો રહ્યો

મુંબઈ, તા. 12: સુપરસ્ટાર ધર્મેન્દ્રની તબિયતમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ડોક્ટરોએ કહ્યું છે કે તેમની આગળની સારવાર ઘરે જ થશે. આ દરમિયાન દેશભરમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે અને તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓ વહેતી થઈ છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો ધર્મેન્દ્રના એક મોટા ચાહકનો છે. વીડિયોમાં ચાહક ધર્મેન્દ્ર માટે પ્રાર્થના કરતો જોવા મળે છે. તે વ્યક્તિ ભાવુક થઈને રડતો જોવા મળે છે. તે હાથમાં એક તસવીરવાળી તકતી પકડીને બેઠો છે, જેના પર લખ્યું છે, ''હે ભગવાન, કૃપા કરીને ધરમજીને જલ્દી સાજા કરી દો.''

વધારે વર્ક આઉટ કરવાથી ગોવિંદા બેભાન, હોસ્પિટલ જવું પડ્યું

મુંબઈ, તા. ૧૨ (પીટીઆઈ) : બોલિવૂડ અભિનેતા ગોવિંદાને ઘરે બેભાન થયા બાદ તેમને જુહુના ઉપનગરીય વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ તેમના કાનૂની સલાહકાર અને મિત્ર લલિત બિંદલે જણાવ્યું હતું. બિંદલે જણાવ્યું હતું કે, ૬૧ વર્ષીય અભિનેતાની તબિયત હવે સ્થિર છે અને ક્રિટિકેર હોસ્પિટલમાં તેમની સારવાર બાદ રજા પણ આપી દેવાઈ છે. બિંદલે જણાવ્યું હતું કે, ''ગઈ કાલે રાત્રે લગભગ ૮:૩૦ વાગ્યે તેઓ બેભાન થઈ ગયા હતા. ત્યાર બાદ પરિવારે ડોક્ટરનો સંપર્ક કર્યો, જેમણે તેમને દવા લખી આપી, આમ છતાં તેમને નબળાઈ અનુભવાઈ. તેથી અમે ફરીથી ડોક્ટરનો સંપર્ક કર્યો અને તેમની સલાહ પર અમે તેમને હોસ્પિટલમાં લઈ ગયા. ગોવિંદાએ કહ્યું કે વધારે પડતું વર્ક આઉટ કરવાને લીધે તેમની આ હાલત થઈ હતી, હવે સારું છે.

કંગના પર ઉત્તર પ્રદેશમાં ચાલશે રાજદ્રાહનો કેસ

આગ્રા, તા. 12: હિમાચલ પ્રદેશના મંડીના બીજેપી સાંસદ અને ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત વિરુદ્ધ આગ્રામાં ખેડૂતોનું અપમાન કરવા બદલ અને રાજદ્રોહનો કેસ ચાલશે. બુધવારે આગ્રા કોર્ટે કંગના વિરુદ્ધ દાખલ કરેલી રિવિઝન અરજી સ્વીકારી હતી. આ કેસની સુનાવણી હવે સ્પેશિયલ એમપી-એમએલએ કોર્ટમાં થશે. ખેડૂતો અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ વાદી એડવોકેટ રામાશંકર શર્માએ 11 સપ્ટેમ્બર, 2024ના રોજ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. એવો આરોપ છે કે, 26 ઓગસ્ટ, 2024ના રોજ આપેલા એક ઇન્ટરવ્યુમાં કંગનાએ ખેડૂતો અને દેશના નાગરિકોની લાગણીઓને ઠેસ પહોંચાડતા નિવેદનો આપ્યા હતા. સ્પેશિયલ જજ લોકેશ કુમારની કોર્ટમાં બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી હતી. કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો અને આગામી સુનાવણી 29 નવેમ્બર, 2025ના રોજ નક્કી કરી હતી. કોર્ટે આદેશ આપ્યો હતો કે, કંગનાને તે દિવસે હાજર રહેવા માટે સમન્સ પાઠવવામાં આવી શકે છે.

ટ્રમ્પનો ફરી યુ ટર્ન: એચ-1બી વિઝાનો બચાવ કર્યો

અમેરિકાએ વિશ્વભરમાંથી પ્રતિભાઓ લાવવી પડશે: ટ્રમ્પ

આપણી પાસે ખાસ પ્રકારની પ્રતિભાઓ નથી, અમેરિકાના લોકોએ શીખવું પડશે

તે લોકોને બેરોજગારીમાંથી બહાર લાવીને કામ આપી ન શકાય જેમણે પાંચ વર્ષથી કામ કર્યું નથી

ન્યૂયોર્ક, તા. 12 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એચ-1બી વિઝા કાર્યક્રમનો બચાવ કર્યો હતો જેને યુ-ટર્ન તરીકે જોવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે અમેરિકાએ વિશ્વભરમાંથી પ્રતિભાઓને લાવવી પડશે કારણ કે દેશમાં અમુક પ્રકારની પ્રતિભાઓ નથી. વિદેશી રોકાણકારો તે લોકોને બેરોજગારીમાંથી બહાર લાવીને મિસાઈલ બનાવવાનું કામ શરૂ નહીં કરી શકે જેમણે પાંચ વર્ષથી કામ કર્યું નથી.

'હું સંમત છું પણ તમારે પ્રતિભાઓને પણ લાવવી પડશે', એમ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝ પર લૉરા ઈન્ગ્રહામને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું એચ-1બી વિઝા મુદ્દો તેમના વહીવટ માટે મોટી પ્રાથમિકતા નહીં હોય અને જો કોઈ અમેરિકન કામદારો માટે વેતન વધારવા માગે છે, તો દેશને લાખો વિદેશી કામદારોથી ભરી શકાય નહીં.

જ્યારે ઈન્ગ્રહામએ નોંધ્યું કે 'આપણી પાસે પુષ્કળ પ્રતિભા છે', ત્યારે ટ્રમ્પે કહ્યું, 'ના, આપણી પાસે નથી. આપણી પાસે ચોક્કસ પ્રતિભાઓ નથી. અને લોકોએ શીખવું પડશે.'

'એવા લોકો જેમણે પાંચ વર્ષથી કોઈ કામ કર્યું નથી તેમને બેરોજગારીમાંથી હટાવીને એવું કહી શકતા નથી કે, હું તમને ફેક્ટરીમાં કામ આપીશ આપણે મિસાઈલો બનાવવા જઈ રહ્યા છીએ, એમ ટ્રમ્પે ઉમેર્યું.

'જ્યોર્જિયામાં, તેઓએ દરોડા પાડ્યા કારણ કે લોકો ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ ઈચ્છતા હતા. તેમની પાસે દક્ષિણ કોરિયાના લોકો હતા જે આખી જીંદગી બેટરી બનાવતા હતા. તમે જાણો છો, બેટરી બનાવવી ખૂબ જ જટિલ છે. તે ખૂબ જ ખતરનાક છે. ઘણા બધા વિસ્ફોટો, ઘણી સમસ્યાઓ', એમ તેમણે કહ્યું.

ચીનમાં નવનિર્મિત પુલ ધરાશાયી

કરોડો ચુઆન પાણીમાં, વીડિયો વાયરલ

બેઈજિંગ: તા. 12: ચીનના દક્ષિણપશ્ચિમ સિચુઆન પ્રાંતમાં તાજેતરમાં ઉદ્ઘાટન કરાયેલો પુલ તૂટી પડ્યો છે. આ પુલ તિબેટને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સ્થિત હતો. તાજેતરમાં ખોલવામાં આવ્યા પછી હોંગકી બ્રિજનો એક ભાગ તૂટીને નદીમાં પડી ગયો હતો. આ દુર્ઘટના મંગળવારે બપોરે બની હતી. હોંગચી બ્રિજ તિબેટને ચીનના હૃદય સાથે જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સ્થિત હતો, જ્યાં તેની સૌથી મોટી વસ્તી રહે છે. રાહતની વાત એ છે કે અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં પુલનો એક ભાગ શુઆંગજિયાંગકોઉ હાઇડ્રોપાવર સ્ટેશન નજીક નદીમાં તૂટી પડતો જોવા મળે છે. આ વીડિયોમાં ટેકરીનો કેટલોક ભાગ સરકવા લાગ્યો અને ધૂળ અને કાટમાળના વિશાળ વાદળ જોવા મળે છે. થોડીવારમાં જ ભૂસ્ખલન વધુ તીવ્ર બને છે, જેનાથી પુલનો પાયો હચમચી જાય છે, જે ખડકોથી ઘેરાયેલો છે. દબાણ હેઠળ પુલનું માળખું નીચે તરફ નમી જાય છે અને થોડીવારમાં જ પુલનો મોટો ભાગ તૂટી પડે છે. નીચેનો ઢાળ સંપૂર્ણપણે તૂટી પડતાં ઘણા કોંક્રીટના થાંભલાઓ નીચે તરફ નમી ગયા હતા.

ઓક્ટોબરમાં છુટક ફુગાવો 0.25 ટકાની રેકોર્ડ નીચલી સપાટીએ

મોટા પાયે વપરાશની વસ્તુઓ પર જીએસટી દરમાં ઘટાડો અને શાકભાજી, ફળોની કિંમતોમાં ઘટાડાના પગલે છુટક ફુગાવો નીચે ગયો

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): ઓક્ટોબરમાં છુટક ફુગાવો ઘટીને 0.25 ટકાની રેકોર્ડ નીચલી સપાટીએ પહોંચી ગયો હતો, મોટા પાયે વપરાશની લગભગ 380 વસ્તુઓ પર જીએસટી દરમાં ઘટાડો અને શાકભાજી, ફળો અને ઈંડાના ભાવમાં ઘટાડો થવાના પગલે ફુગાવો ઘટ્યો હતો.

ઓક્ટોબરમાં ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઈ) આધારિત ફુગાવો વર્તમાન શ્રેણીમાં (બેઝ યર 2012) સૌથી નીચો હતો, આ શ્રેણી જાન્યુઆરી 2014 પછીનો ડેટા સંગ્રહ કરે છે.

સપ્ટેમ્બરમાં ફુગાવો 1.44 ટકા અને ઓક્ટોબર 2024માં 6.21 ટકા હતો.

રાષ્ટ્રીય આંકડા કાર્યાલય (એનએસઓ) દ્વારા જારી કરાયેલા આંકડાઓ મુજબ, ઓક્ટોબરમાં ખાદ્ય ફુગાવો ઘટીને (-) 5.02 ટકા થયો.

ઓક્ટોબર 2025 દરમિયાન મુખ્ય ફુગાવો અને ખાદ્ય ફુગાવામાં ઘટાડો મુખ્યત્વે જીએસટીમાં ઘટાડાની આખા મહિનાની અસર, તેલ અને ચરબી, શાકભાજી, ફળો, ઈંડા, ફૂટવેર, અનાજ અને ઉત્પાદનો, પરિવહન અને સંદેશાવ્યવહારના ફુગાવામાં ઘટાડો થવાને કારણે છે, એમ એનએસઓએ જણાવ્યું હતું. રિઝર્વ બેંક, જે મુખ્યત્વે તેની નાણાકીય નીતિમાં છુટક ફુગાવાને ધ્યાનમાં લે છે તેને સરકારે સીપીઆઈ 4 ટકા પર રાખવાનો આદેશ આપ્યો છે જેમાં બંને બાજુ 2 ટકાનું માર્જિન છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના (જીએસટી) ઘટાડેલા દર 22 સપ્ટેમ્બરથી અમલમાં આવ્યા છે. એનએસઓના આંકડા દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારમાં ફુગાવો 0.25 ટકા અને શહેરી વિસ્તારોમાં 0.88 ટકાના નકારાત્મક ઝોનમાં હતો. સૌથી વધુ ફુગાવો કેરળમાં (8.56 ટકા) હતો, ત્યારબાદ જમ્મુ અને કાશ્મીર (2.95 ટકા), કર્ણાટક (2.34 ટકા), પંજાબ (1.81 ટકા) અને તમિલનાડુનો (1.29 ટકા) ક્રમ આવે છે. આસામ, બિહાર, છત્તીસગઢ, દિલ્હી અને ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં ફુગાવો નકારાત્મક હતો.

» પ્રસ્તુત તસવીર ઓસ્ટ્રેલિયાના મેલબોર્નની છે જ્યાં ફેડરેશન સ્ક્વેર પર 350થી વધુ પાઇપર્સે એસી-ડીસીનું 'ઇટ્સ અ લોંગ વે ટુ ધ ટોપ' (ઇફ યુ વન્ના રોક એન રોલ) ગીત રજૂ કર્યું, આ સાથે જ તેમણે અત્યાર સુધીના સૌથી મોટી સંખ્યામાં બેગપાઇપરના ભેગા થવાનો વિશ્વ રેકોર્ડ તોડ્યો હતો.

બે નવા એક્ઝિટ પોલ્સે પણ બિહારમાં એનડીએના વિજયની આગાહી કરી

આરજેડી સૌથી મોટો પક્ષ બનશે: એક્સિસ માય ઈન્ડિયા

એક્સિસ માય ઇન્ડિયા મુજબ એનડીએ 121-141 બેઠકો અને મહાગઠબંધન 98-118 બેઠકો જીતશે

એનડીએને 160 બેઠકો જ્યારે મહાગઠબંધનને 77 બેઠકો મળશે: ટુડેઝ ચાણક્ય

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): બુધવારે બે નવા એક્ઝિટ પોલમાં બિહારમાં એનડીએની જીતનો સંકેત આપવામાં આવ્યો છે, જેમાં એક્સિસ માય ઈન્ડિયાએ શાસક ગઠબંધનને સ્પષ્ટ લીડ બતાવી છે અને ટુડેઝ ચાણક્યએ મહાગઠબંધન પર તેની મોટી જીતની આગાહી કરી છે.

બંને એક્ઝિટ પોલમાં આગાહી કરાઈ છે કે પ્રશાંત કિશોરના જન સુરાજનું ચૂંટણી પદાર્પણ નિરાશાજનક છે.

એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલમાં આગાહી કરવામાં આવી છે કે એનડીએ બિહારમાં મહાગઠબંધનથી આગળ રહેશે પરંતુ આરજેડી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરીને આવશે જ્યારે શુક્રવારે વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થશે.

એક્સિસ માય ઈન્ડિયાએ એનડીએને 121-141 બેઠકો અને મહાગઠબંધનને 98-118 બેઠકો જીતવાની આગાહી કરી છે. તેણે જન સુરાજને 0-2 બેઠકો આપી છે.

ટુડેઝ ચાણક્યએ આગાહી કરી હતી કે ભાજપ અને તેના સાથી પક્ષોને 160 બેઠકો મળશે (12 બેઠકો પ્લસ-માઈનસ સાથે), જ્યારે આરજેડી અને તેના સાથી પક્ષોને 77 બેઠકો મળશે (12 બેઠકો પ્લસ-માઈનસ સાથે).

તેમાં આગાહી કરવામાં આવી હતી કે ભાજપ અને તેના સાથી પક્ષોને 44 ટકા (પ્લસ-માઈનસ ૩ ટકા) વોટ શેર મળશે અને આરજેડી અને તેના સાથી પક્ષોને 38 ટકા (પ્લસ-માઈનસ 3 ટકા) વોટ મળશે.

આ આગાહી એક દિવસ પછી કરવામાં આવી છે જ્યારે તમામ મુખ્ય એક્ઝિટ પોલ્સે મહાગઠબંધન પર મોટી જીત સાથે બિહારમાં એનડીએ સરકારની વાપસીની આગાહી કરી હતી. પક્ષવાર બ્રેકઅપમાં એક્સિસ માય ઈન્ડિયાએ આગાહી કરી છે કે આરજેડી 67-76 બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે સામે આવશે ત્યારબાદ જેડી (યુ) 56-62 બેઠકો, ભાજપ 50-56 બેઠકો, કોંગ્રેસ 17-21 બેઠકો અને ડાબેરી પક્ષો 10-14 બેઠકો.

જમાત-એ-ઇસ્લામી (જેઈઆઈ) સહિત પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા

500 સ્થળો પર કાશ્મીર પોલીસે દરોડા પાડ્યા

જમાત-એ-ઈસ્લામી સાથે જોડાયેલા તત્વો દ્વારા તેમની પ્રવૃત્તિઓને ફરીથી શરૂ કરવાના પ્રયાસો અંગે ગુપ્ત માહિતી હતી

કુલગામ, પુલવામા, શોપિયા, બારામુલ્લા અને ગાંદરબલ જિલ્લાઓમાં અનેક સ્થળોએ કાર્યવાહી કરાઈ

દરોડાઓ દરમિયાન, ગુનાહિત સામગ્રી અને ડિજિટલ ઉપકરણો જપ્ત કરાયા

શ્રીનગર, તા. 12 (પીટીઆઈ): પોલીસે બુધવારે કાશ્મીરમાં ત્રાસવાદી તંત્ર પર કાર્યવાહી વધુ તીવ્ર કરી હતી, જમાત-એ-ઈસ્લામી (જેઈઆઈ) સહિત પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા વ્યક્તિઓથી સંબંધિત 500થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. જેઈઆઈ સાથે જોડાયેલા તત્વો દ્વારા વિવિધ મોરચા હેઠળ તેમની પ્રવૃત્તિઓને ફરીથી શરૂ કરવાના પ્રયાસો અંગે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે આ દરોડા પાડવામાં આવ્યા હતા, એમ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું.

કુલગામ, પુલવામા, શોપિયા, બારામુલ્લા અને ગાંદરબલ જિલ્લાઓમાં અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.